# નૂહની જેમ જેઓ દેવ સાથે ચાલે છે તેઓને તે બચાવે છે

**બાળકોને શીખવનારે અભ્યાસ S1b વાંચવો.**

**પ્રાર્થના :** ઓ પ્રભુ અને અમારા તારનાર, અમે જેમને સુવાર્તા આપીએ તેમનો બચાવ કરો પ્રભુ ઈસુ પાછા આવે અને અમને મરણમાંથી બચાવે તેની અમે વાટ જોઈએ ત્યાં સુધી અમને ભૂંડાઈથી બચાવો.

**૧. તમારા ટોળાને તારણ માણવા અને પાપીઓને તારનાર તરફ દોરવા તૈયાર કરો.**


વાંચો **ઉત્પતિ ૬ :૫ થી ૯ :૧૯** નૂહની વાર્તા

**ઉત્પતિ ૬ : ૫-૧૩** દેવે પોતે ઉત્પન્ન કરેલા લોકોનો તેણે કેમ નાશ કર્યો.

**ઉત્પતિ ૬ :૮-૯** દેવે કેમ નૂહ અને તેના કુટુંબને બચાવ્યું.

**ઉત્પતિ ૬ : ૧૩-૨૨** દેવે નૂહ અને તેના કુટુંબને જળપ્રલયથી કેવી રીતે બચાવ્યા.

(જવાબ : નૂહ અને તેના કુટુંબે વહાણ બાંધ્યુ અને તેમાં ગયા તેથી તેઓ ડૂબીને મર્યા નહિ. હેબ્રી શબ્દ 'વહાણ' માટે છે તેનો અર્થ મોટો ડબ્બો થાય છે. આ ડબ્બા સમાન વહાણ તરતું હતું.)



લુક ૨૪ :૪૬-૪૮માં પુનરુત્થાન પામેલા પ્રભુ ઈસુએ જે ત્રણ બાબતો જગતના લોકોને કહેવાની આપણને આજ્ઞા આપી છે. તે **શોધો.**

(જવાબ : ઈસુનું મરણ, પુનરુત્થાન અને પસ્તાવો કરનાર બધાને પાપોની માફી)

બીજી બાબત : તેના પુનરુત્થાન દ્વારા તે આપણને નવું, પવિત્ર અનંતજીવન આપે છે. રૂમી ૬ :૩-૧૪:

૧) **એફેસી ૨ :૬**માં **શોધો** કે કોની સાથે આપણને સ્વર્ગીય સ્થાનોમાં બેસાડવામાં આવ્યા છે ?

૨) **૧ કોરંથી ૧૨ :૧-૧૩** આપણને ખ્રિસ્તના અમર્ત્ય શરીરમાં કોણ સહભાગી બનાવે છે ?

૩) **૧ કોરંથી ૧૫ : ૨૧-૨૩** આપણું પુનરુત્થાન કોના દ્વારા આવે છે ?

૪) **રૂમી ૬ઃ૩-૧૪** નવા,પવિત્ર જીવનમાં સજીવન થવાને માટે આપણે કઈ બાબત પ્રત્યે મરણ પામ્યા છીએ ?

**૫) ૧પિતર ૩ :૧૮-૨૨**માં નૂહનું વહાણ ખ્રિસ્તના સજીવન થયેલા શરીરનું પ્રતિક કઈ રીતે છે ?

(જવાબો : (૧) ખ્રિસ્તની સાથે (૨) પવિત્ર આત્મા (૩) ખ્રિસ્ત દ્વારા (૪) પાપ પ્રત્યે અને (૫) નૂહનું વિશાળ વહાણ ખ્રિસ્તના પુનરુત્થાન પામેલું શરીર દર્શાવે છે. કારણ કે તે એક વાહન સમાન છે. જેમાં બેસીને દેવ સાથે ચાલનાર દરેક માણસ બચાવ પામેલો છે. આપણે નવું પવિત્ર અનંતજીવન પામીએ માટે આપણને ખ્રિસ્તના અનંત શરીરમાં તેની સાથે ઉઠાડવામાં આવ્યા છે. ખ્રિસ્ત આપણું વહાણ છે.)

૧ પિતર ૩ :૨૧માં બાપ્તિસ્માના બે પાસા જે પિતરે સ્પષ્ટ કર્યા છે :

(જવાબ (૧) શરીરને શુદ્ધ પાણીથી ધોવું (૨) અંતકરણની શુદ્ધતા)

આ બેમાંથી ક્યુંપાસુ આપણે માટે તારણ ઉપજાવે છે, ભૌતિક પાણીકે દેવ તરફથી આત્મિક શુદ્ધતા ?

(જવાબ : પિતર સ્પષ્ટ કરે છે કે શરીરની ગંદકી ધોવાનો ભૌતિક વિધિ આપણને તારણ આપી શકતો નથી પણ ખ્રિસ્તના પુનરુત્થાનમાં, જેઓ દેવ પ્રત્યે શુદ્ધ અંતઃકરણ ધરાવે છે તેઓ જોડાય છે. આ શુદ્ધ અંતઃકરણ પ્રાપ્ત કરવા માટે પસ્તાવો અને વિશ્વાસ જરૂરી છે. યોહાન ૩ઃ ૧૬, પ્રેકૃ. ૨ :૩૮)

ઉત્પતિ ૧૭ : ૧૯-૨૨ જ્યારે દૂત સદોમ અને ગમોરાહના લાકોનો નાશ કરતો હતોત્યારે દેવે લોટ અને તેની દીકરીઓને કેવી રીતે બચાવ્યા ?

(જવાબ - દૂતોએ તેમને શહેર બહાર સલામત સ્થળે મોકલી દીધા.:

૨ પિતર ૨ :૪-૯ શારીરિક મરણથી થયેલ બચાવના બે ઉદાહરણો ટાંકીને પીતર બતાવે છે કે દેવ આપણા વિશ્વસીઓને આત્મિક મરણ અને અનંત શિક્ષામાંથી કેવી રીતે બચાવે છે.

(જવાબ : ૧) દેવે નૂહ અને તેના કુટુંબને જળપ્રલયમાંથી બચાવ્યું. ૨) દેવે લોટ અને તેના કુટુંબને અગ્નિના નાશથી બચાવ્યું.)

નિર્ગ. ૧૪ :૨૧-૩૧ દેવે ઈસ્ત્રાએલીઓને કેવી રીતે બચાવ્યા ?

જવાબ : દેવે લાલ સમુદ્રના બે ભાગ કરી નાખ્યા જેથી તેઓ બચાવ પામ્યા. તેમની પાછળ પડનાર મિસરનું લશ્કર તે જ સમુદ્રમાં ડૂબીને નાશ પામ્યું.)

ઈસુએ તેના પર વિશ્વાસ કરનાર નીચેના લોકોને કઈ બાબતોથી બચાવ્યા છે ?

**૧) લુક ૭ :૩૬ -૫૦** પાપી લોકોના ઝુંડ **૨) માત્થી ૪ :૨૩-૨૫** માંદાઓ **૩) માર્ક ૬ :૩૪-૪૨** ભૂખ્યાં ટોળાં **૪) માર્ક ૫ :૧-૧૫** ભૂત વળગેલા **૫) લુક ૭ :૧૧-૧૬** મરી ગયેલા **૬) લુક ૧૭ :૧૨-૧૯** અશુદ્ધ લોકો.

જવાબો : ૧) તેણે તેઓના પાપ માફ કર્યા ૨) તેણે તેઓને સાજા કર્યા ૩) ઈસુએ થોડા ખોરાકમાંથી અતિઘણો ઉત્પન્ન કરીને તેઓને તૃપ્ત કર્યા. ૪) ભૂતો કાઢયા ૫) ઘણા મૂએલાઓને જીવતા કર્યા. ૬) કોઢિયાઓને શુદ્ધ કર્યા કે જેઓ તેના પર વિશ્વાસ રાખતા હતા.

નીચેના શાસ્ત્રભાગમાંથી શોધો કે વિશ્વાસ કરનારાઓ માટે ઈસુ શું કરવાનો હતો.

(૧) યોહાન ૬ :૩૯-૪૭ (૨) માત્થી ૨૫ :૩૧-૪૦ (૩) ૧ થેસ્સા. ૧ :૮-૧૦ (૪) કોલોસી ૨ :૧૫

જવાબો : (૧) મરી ગયેલા વિશ્વાસીઓને કબરમાંથી અનંતજીવન આપવાનો હતો. (૨) જ્યારે તે આવશે ત્યારે બધા વિશ્વાસીઓને બદલો આપશે (૩) આપણને દેવના આવનાર કોપથી બચાવશે (૪) અંધકારના સામર્થ્યથી

આપણે શું કરવું જોઈએ જેથી દેવ આપણને સદાકાળ બચાવે **(૧) એફેસી ૨ :૮-૧૦ (૨) પ્રેકૃ. ૨ :૩૭-૩૮ (૩) ૧ થેસ્સા ૧ : ૮-૧૦ (૪) હેબ્રી ૫ : ૭-૯.**

જવાબો : (૧) વિશ્વાસ (૨) પસ્તાવો (૩) ખ્રિસ્તના સ્વર્ગેથી આવવાની વાટ જોવી (૪) ખ્રિસ્તને આધિન થવું.

**૨. આવનાર અઠવાડિયાની પ્રવૃત્તિઓનું સાથીદારો સાથે આયોજન કરો.**

જેઓ મંડળીમાં એકવાર આવ્યા હોય તેવાઓના ઘેર મુલાકાત લો અને તેમને તારણ માટે આમંત્રણ આપો.

માંદાઓ, હતાશ, જુલમનો સામનો કરનાર એવા લોકોની મુલાકાત લો અને તેમની સાથે પ્રાર્થના કરો કે દેવ તેમને આવી મુસિબતોથી ઉગારે.

**૩. સાથીદારો સાથે આવનાર ભજનસેવાનું આયોજન**

નૂહની વાર્તા **કહો અથવા ભજવી બતાવો.**

દેવે લોકોને ઘણી ખરાબ બાબતોથી કેવી રીતે બચાવ્યા છે તે **સમજાવો.**

આજે પણ લોકો અનંતકાળનું તારણ કેવી રીતે પામી શકે તે **કહો.**

બાળકોએ પ્રેકટીસ કરી હોય તે નાટક તેમને રજુ કરવા દો. તેમણે તૈયાર કરેલા પ્રશ્નો મોટાઓને પૂછવા દો.

વિશ્વાસીઓ **નાના જૂથો**માં વહેંચાઈ જાય અને તેમના મિત્રો અને સગાઓ માટે પ્રાર્થના કરે. આપણા દેશના અન્ય જાતિના લોકો ખ્રિસ્તની ઓળખમાં આવે માટે પ્રાર્થના કરો.

૧ પિતર ૩ :૨૧-૨૩ **મુખપાઠ કરો.**

**પ્રભુની મેજ**ની સેવા માટે નિર્ગમન ૧૨ :૧-૧૪ વાંચો અને સમજાવો કે મરણનો દૂત જયારે પ્રથમ જનિતનો નાશ કરતો હતો ત્યારે પોતાના બારણાની બારસાખો ઉપર લોહીનો છંટકાવ કરીને ઈસ્ત્રાએલીઓ બચાવ પામ્યા હતા. આપણે પ્રભુ ઈસુના લોહી પર વિશ્વાસ કરીને બચાવ પામ્યા છીએ જેના ભાગીદાર આપણે પ્રભુની મેજમાં ભાગ લઈને થઈએ છીએ.